ફિફા વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 32 આજની મેચો

સ્પેન vs ઓસ્ટ્રિયા : રાત્રે 12.30 વાગ્યે

પોર્ટુગલ vs ક્રોએશિયા : મળસ્કે 4.30 વાગ્યે

# મેક્સિકો 40 વર્ષે નોકઆઉટ મેચ જીત્યું

**જુલિયન** ક્વિનોન્સ અને રાઉલ જિમેનેઝે પ્રથમ હાફમાં માત્ર નવ મિનિટના ગાળામાં બે ગોલ કરી મેક્સિકોને ઇક્વાડોર સામે 2-0થી જીતાડ્યું

**મેક્સિકોએ** પોતાની યજમાનીમાં 1986માં રમાયેલા વર્લ્ડકપની પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં બલ્ગેરિયાને હરાવ્યા પછી ક્યારેય નોકઆઉટ મેચ જીતી નથી

મેક્સિકો સિટી, તા. 01 (એપી) : મેક્સિકોના ફૂટબોલ ચાહકોની 40 વર્ષની લાંબી પ્રતીક્ષા આખરે મંગળવારે રાત્રે અહીં પૂરી થઈ હતી. મેક્સિકોના પ્રશંસકો અત્યાર સુધી વર્લ્ડકપના નોકઆઉટ સ્ટેજમાં હાર સાથે જીવતા શીખી ગયા હતા. સાત-સાત વખત આ જ તબક્કે આવીને મેક્સિકોના ચાહકોના દિલ તૂટ્યા હતા. પરંતુ મંગળવારે રાત્રે રમાયેલી મેચમાં જુલિયન ક્વિનોન્સ અને રાઉલ જિમેનેઝે પ્રથમ હાફમાં માત્ર નવ મિનિટના અંતરાલમાં ગોલ કરીને મેક્સિકોને ઈક્વાડોર સામે 2-0થી જીત અપાવી હતી. આ જીત સાથે મેક્સિકોએ નોકઆઉટ સ્ટેજમાં ચાર દાયકાથી ચાલી આવતા હારના સિલસિલાને તોડીને રાઉન્ડ ઓફ 16 માં પ્રવેશ મેળવ્યો છે.

મેચની 22મી મિનિટે ક્વિનોન્સે પહેલો ગોલ કરીને ખાતું ખોલાવ્યું હતું, અને ત્યારબાદ 31મી મિનિટે જિમેનેઝે બીજો ગોલ કરીને મેક્સિકોની લીડ મજબૂત કરી હતી. મેક્સિકોએ 1986માં પોતાના જ દેશમાં યોજાયેલા વર્લ્ડકપ દરમિયાન રાઉન્ડ ઓફ 16 માં બલ્ગેરિયાને હરાવ્યા પછી ક્યારેય નોકઆઉટ સ્ટેજની મેચ જીતી ન હતી. ખાસ વાત એ છે કે, મેક્સિકોના વર્તમાન કોચ જેવિયર એગુઈરે 1986ની તે ટીમમાં સ્ટાર્ટિંગ મિડફિલ્ડર તરીકે રમી રહ્યા હતા. મેક્સિકો 1994 થી 2018 દરમિયાન સતત સાત વખત આ જ તબક્કે રાઉન્ડ ઓફ 16 મેચ હાર્યું હતું, જ્યારે 2022 ના વર્લ્ડકપમાં તો ટીમ ગ્રુપ સ્ટેજથી પણ આગળ વધી શકી ન હતી.



કોચ જેવિયર એગુઈરે જણાવ્યું હતું કે, આ જીત મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે હું પણ એવા ખેલાડીઓમાંથી એક હતો જે તે સમયે નોકઆઉટ સ્ટેજથી આગળ વધી શક્યા ન હતા. અમે હવે રાઉન્ડ ઓફ 16 માં છીએ અને ફેન્સ સાથે અમારું એક અદભુત જોડાણ બની રહ્યું છે. અમે એક પરિવાર જેવા છીએ. આ ખરેખર શાનદાર છે.

## હવામાનને કારણે અવરોધાયેલી આ વર્લ્ડકપની બીજી મેચ બની

તોફાની વરસાદને કારણે મેચ નિર્ધારિત સમય કરતાં એક કલાક મોડી શરૂ થઈ. આ ટુર્નામેન્ટની બીજી મેચ હતી જે હવામાનથી પ્રભાવિત થઈ હતી. 22 જૂને ફિલાડેલ્ફિયામાં ફ્રાન્સ અને ઇરાક વચ્ચેની મેચ તોફાનને કારણે પહેલા હાફના અંતે બે કલાક અને 11 મિનિટ માટે રોકી દેવામાં આવી હતી.

## મેક્સિકોના ચાહકોનો ફરી એકવાર ગે વિરોધી સૂત્રોચ્ચાર

મેક્સિકો સિટી, તા. 01 : ઇક્વાડોર સામેની વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 32 મેચના પહેલા ભાગમાં મેક્સીકન ચાહકોએ ફરીથી ગે વિરોધી ગણાતા નારા લગાવ્યા. સ્પેનિશમાં સ્લરનો શાબ્દિક અર્થ પુરુષ વેશ્યા થાય છે, તે સૂત્ર અપમાનજનક માનવામાં આવે છે અને સામાન્ય રીતે જ્યારે વિરોધી ગોલકીપર ગોલ કિક લેતો હોય ત્યારે તે બોલવામાં આવે છે. મંગળવારે રાત્રે મેચની પાંચમી મિનિટે ચાહકોએ એવું જ કર્યું, જ્યારે હર્નાન ગેલિન્ડેઝ મેચની પોતાની પહેલી ગોલ કિક મારી રહ્યો હતો. ટુર્નામેન્ટમાં ચાહકોએ આ ગીતનો ઉપયોગ બીજી વખત કર્યો છે, અને મેક્સીકન ફૂટબોલ ફેડરેશનને ભૂતકાળમાં ઘણી વખત દંડ ફટકારવામાં આવ્યો છે.

# હાલેન્ડના નિર્ણાયક ગોલથી નોર્વે પહેલીવાર નોકઆઉટ મેચ જીત્યું

**86મી** મિનિટે હાલેન્ડે કરેલા ગોલથી નોર્વેએ આઇવરી કોસ્ટને 2-1થી હરાવી પ્રિ ક્વાર્ટરની ટિકિટ કપાવી

આર્લિંગ્ટન, તા. 01 (એપી) : વર્લ્ડકપમાં મંગળવારે રાત્રે રમાયેલી એક મેચમાં સ્ટાર સ્ટ્રાઈકર એર્લિંગ હાલેન્ડે પોતાની કુશળતા દર્શાવીને મેચની 86મી મિનિટે નિર્ણાયક ગોલ કરતા નોર્વેએ આઇવરી કોસ્ટને 2-1થી હરાવીને તેમની પ્રથમ વર્લ્ડકપ નોકઆઉટ મેચ જીતી હતી. નોર્વેના પેટ્રિક બર્ગે બોલ પેનલ્ટી એરિયામાં લઈ જતાં, તે ત્રણ ડિફેન્ડર્સથી ઘેરાઈ ગયો હતો. તેણે કુશળતાપૂર્વક ત્રણેય ડિફેન્ડરોને ડોજ કરીને બોલ હાલેન્ડને પાસ કર્યો, જેણે ગોલ કરવામાં કોઈ ભૂલ કરી નહીં. વર્તમાન ટુર્નામેન્ટમાં ત્રણ મેચમાં આ તેનો પાંચમો ગોલ હતો.

નોર્વે તરફથી એન્ટોનિયો નુસ્સાએ 39મી મિનિટે કર્લિંગ કિક વડે ગોલ કર્યો. જ્યારે આઇવરી કોસ્ટ તરફથી અમાદ ડાયલોએ 74મી મિનિટે બરાબરી કરી હતી. ચોથી વખત વર્લ્ડકપમાં ભાગ લઈ રહેલું નોર્વે રવિવારે પૂર્વ રૂથરફોર્ડમાં અંતિમ 16માં પાંચ વખતના ચેમ્પિયન બ્રાઝિલનો સામનો કરશે, જેને તેણે 28 વર્ષ પહેલા હરાવીને ફૂટબોલ જગતમાં હલચલ મચાવી હતી. નોર્વે 1998 પછી પહેલી વાર વર્લ્ડકપમાં રમી રહ્યું છે. તે સમયે, તેમની ટીમે અંતિમ ગ્રુપ મેચમાં બ્રાઝિલ પર 2-1થી વિજય મેળવ્યો હતો, જેમાં 83મી અને 89મી મિનિટમાં ગોલ કરીને નોકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યા હતા.



હાલેન્ડે નોર્વે માટે 53 મેચમાં રેકોર્ડ 60મો ગોલ કર્યો. તેના ગોલ પછી, આઇવરી કોસ્ટ બરાબરી માટે સખત શોધમાં હતું. સ્ટોપેજ ટાઇમના છઠ્ઠા મિનિટમાં જ્યારે ડાયલોએ શાનદાર ફ્રી કિક લીધી ત્યારે તેમને એક તક પણ મળી, પરંતુ નોર્વેજીયન ગોલકીપર ઓર્જન નાયલેન્ડે શાનદાર બચાવ કર્યો હતો.

# વિમ્બલડન : યાનિક સિનર અને આર્યના સબાલેન્કા ત્રીજા રાઉન્ડમાં

**પુરુષ** સિંગલ્સમાં ડેનિલ મેદવેદેવ જ્યારે મહિલા સિંગલ્સમાં કોકો ગફ પણ બીજા રાઉન્ડમાં જીતી આગળ વધ્યા

લંડન, તા. 01 : ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે ગ્રાસ કોર્ટ પર રમાતી વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં વિશ્વના નંબર વન પુરુષ અને મહિલા ખેલાડી યાનિક સિનર અને આર્યના સબાલેન્કાએ બીજા રાઉન્ડમાં જીત મેળવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો. આ ઉપરાંત ડેનિલ મેદવેદેવ અને કોકો ગફે પણ પોતપોતાની બીજા રાઉન્ડની મેચ જીતીને આગેકૂચ કરી હતી.

સિનરે સેન્ટર કોર્ટ પર પોર્ટુગલના નુનો બોર્જેસને 7-6, 7-6, 6-4 થી હરાવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. શરૂઆતના રાઉન્ડમાં પાંચ સેટ સુધી સંઘર્ષ કરનાર ડિફેન્ડિંગ ચેમ્પિયનની ફરીથી મજબૂત બોર્જેસ દ્વારા કસોટી થઈ, જેણે તેને શરૂઆતના બંને સેટમાં જોરદાર લડત આપી હતી. આ ઈટાલિયન ખેલાડીનો આગામી મુકાબલો અમેરિકાના જેન્સન બ્રુક્સબી સામે થશે, જેણે પેરુના ઈગ્નાસિયો બુસ પર સીધા સેટમાં વિજય મેળવ્યો હતો.

મહિલા સિંગલ્સમાં સબાલેન્કાએ અમેરિકન મેકકાર્ટની કેસલરના જોરદાર પડકારનો સામનો કરીને 6-1, 7-6થી વિજય મેળવ્યો હતો. શરૂઆતના સેટમાં સફળતા મેળવ્યા બાદ, સબાલેન્કાને નાટકીય બીજા સેટના ટાઈ-બ્રેકમાં મર્યાદા સુધી ખેંચવામાં આવી જેમાં તેણે 11-9 થી જીત મેળવતા પહેલા 18 પોઈન્ટનો સામનો કરવો પડ્યો. સબાલેન્કાનો આગામી મુકાબલો ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં ચોથા રાઉન્ડમાં સ્થાન મેળવવા માટે રશિયાની કમિલા રાખીમોવા સામે થશે.

# એમ્બાપ્પેના બે ગોલથી ફ્રાન્સે સ્વીડનને 3-0થી હરાવ્યું

**એમ્બાપ્પેએ** બે ગોલ કરીને વર્લ્ડકપ નોકઆઉટમાં સર્વાધિક ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો

**ફ્રાન્સ** હવે જર્મનીને હરાવનારા પેરાગ્વે સામે ચોથી જુલાઇએ અંતિમ 16ની મેચ રમશે

પૂર્વ રધરફોર્ડ, તા. 01 (એપી) : ફિફા વર્લ્ડકપમાં અહીં રમાયેલી રાઉન્ડ ઓફ 32ની મેચમાં સ્ટાર ફૂટબોલર કિલિયન એમબાપ્પેના બે ગોલની મદદથી, ફ્રાન્સે સ્વીડનને 3-0થી હરાવીને અંતિમ 16માં પ્રવેશ કર્યો જ્યાં તેનો સામનો પેરાગ્વે સામે થશે.



એમબાપ્પેએ પોતાની પ્રતિષ્ઠા અનુસાર રમત દાખવીને 45મી મિનિટે શાનદાર ક્રોસઓવર શોટથી ફ્રાન્સને સરસાઈ અપાવી અને પછી બીજા હાફમાં બીજો ગોલ કરીને વર્લ્ડકપ નોકઆઉટ રાઉન્ડમાં સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો. ફ્રાન્સ માટે બ્રેડલી બાર્કોલાએ પણ 53મી મિનિટે ગોલ કર્યો. 74મી મિનિટે એમબાપ્પેએ ટીમનો ત્રીજો ગોલ કરીને વિજય મેળવ્યો.

ચાર વર્ષ પહેલાં વર્લ્ડકપમાં રનર્સ-અપ અને આ વખતે ફેવરિટ ફ્રાન્સે ૧૩ ગોલ કર્યા છે અને ફક્ત બે ગોલ ગુમાવ્યા છે. માઈકલ ઓલિસે પાંચ ગોલ આસિસ્ટ કર્યા છે. ફ્રાન્સે શરૂઆતથી જ મેચ પર પ્રભુત્વ જમાવ્યું અને સ્વીડનને વાપસી કરવાની કોઈ નોંધપાત્ર તક આપી નહીં. ફ્રાન્સે 25 ગોલ કરવાની તકો બનાવી, જ્યારે સ્વીડન ફક્ત સાત જ મેળવી શક્યું. પહેલા હાફમાં 15-3ની લીડ જોવા મળી. સતત ત્રીજી વખત વર્લ્ડકપ ફાઈનલમાં પહોંચવાનું લક્ષ્ય રાખતું ફ્રાન્સ 4 જુલાઈએ ફિલાડેલ્ફિયામાં જર્મનીને પછાડનારા પેરાગ્વે સામે રમશે.

ફ્રાન્સ વતી એમ્બાપ્પેએ પહેલા હાફમાં કરેલો પહેલો ગોલ અદ્દભૂત હતો. એલિસે ડેમ્બલેને પાસ આપ્યો અને તેણે એ પાસ એમ્બાપ્પે તરફ મોકલ્યો તે પછી એમ્બાપ્પએ ક્રોસઓવર પગલું ભરીને છ યાર્ડ બોક્સની બહારથી એક ત્રાંસો શોટ માર્યો જે વળાંક લઈને પોસ્ટની અંદર ગયો હતો.

# એમ્બાપ્પે વર્લ્ડકપ 2026માં છ ગોલ સાથે મેસીની બરોબરીએ

**વર્લ્ડકપમાં** કુલ 18 ગોલ સાથે એમ્બાપ્પે હવે સર્વાધિક 19 ગોલ કરનારા મેસીથી માત્ર એક ગોલ દૂર

**સ્વીડન** સામેના બે ગોલથી એમ્બાપ્પે વર્લ્ડકપ નોકઆઉટ મેચમાં સર્વાધિક ગોલ કરનારો ખેલાડી બન્યો



ઈસ્ટ રધરફોર્ડ, તા. 01 (એપી) : સ્ટાર ફૂટબોલર કિલિયન એમબાપ્પેએ સ્વીડન સામે ફ્રાન્સની 3-0થી જીતમાં બે ગોલ કરીને વર્લ્ડકપના નોકઆઉટ તબક્કામાં સૌથી વધુ ગોલ કરવાનો નવો રેકોર્ડ બનાવ્યો, સાથે જ તે ફૂટબોલના સૌથી મોટા સ્ટેજ પર સૌથી વધુ ગોલ કરવાના લિયોનેલ મેસીના રેકોર્ડની નજીક પહોંચી ગયો.

સ્વીડન સામે ફ્રાન્સ વતી પહેલો ગોલ કરીને તેણે વર્લ્ડકપના નોકઆઉટ તબક્કામાં આ તેનો નવમો ગોલ કરી નોકઆઉટમાં આઠ-આઠ ગોલ ધરાવતા બ્રાઝિલના દિગ્ગજ ખેલાડી લિયોનિદાસ અને રોનાલ્ડોને પાછળ છોડી નવો રેકોર્ડ બનાવ્યો હતો અને તેણે બીજો ગોલ કરીને નોકઆઉટમાં પોતાના ગોલની સંખ્યા 10 પર પહોંચાડી હતી. આ ગોલ સાથે, એમબાપ્પેના હાલના ટુર્નામેન્ટમાં છ ગોલ થયા છે અને તેણે સૌથી વધુ ગોલ કરવાના ગોલ્ડન બૂટની રેસમાં આર્જેન્ટિનાના ફોરવર્ડ મેસીની બરાબરી કરી લીધી છે. આ ઉપરાંત વર્લ્ડકપમાં તેના કુલ ગોલ હવે 18 થઈ ગયા છે, જે મેસીના 19 ગોલના રેકોર્ડથી માત્ર એક ગોલ દૂર છે. એમબાપ્પે અત્યાર સુધીમાં 18 વર્લ્ડકપ મેચ રમી છે, જ્યારે મેસીએ 29 મેચ રમી છે.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### રસાંજન, દારૂહરિદ્ર

હિમાલયની પહાડીઓમાં ઊગતા Berberis aristata ના મૂળ પીળા રંગના હોય છે અને દારૂ હળદર તરીકે ઓળખાય છે. એનો અર્ક રસાંજન બજારમાં છૂટક મળે છે. બાળપણથી અમારા ઘરોમાં જોયું છે. દશ ગ્રામ રસાંજન પચાસ ગ્રામ ત્રિફલા ચૂર્ણ સાથે ભેળવી લો. તેમાંથી બે ગ્રામ ચૂર્ણ 50 મીલી ઉકાળી ઠંડા કરેલા પાણીમાં રાત્રે ભીંજવી સવારે ગાળી લો. આ મિશ્રણ રોજ દિવસમાં ત્રણ વાર આંખમાં નાખો, સાંજે વધે એટલું પી જાવ. આંખનો દુખાવો, લાલાશ, સૂકાપણું, પાણી વહેવું, ખંજવાળ દૂર થઈ તેજ વધશે. વૈદરાજને જરૂર મળતાં રહો. રસવંતી સોજા, મચકોડ, મૂઢમાર, પ્રદર, પ્રમેહ, મેદવૃદ્ધિ પર ઉપયોગી છે.

## સુડોકુ


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | ૩ | | | ૨ | |
| ૬ | ૫ | ૨ | | ૭ | | | ૪ | ૯ |
| | ૪ | | ૫ | ૬ | ૨ | | ૭ | ૮ |
| ૫ | ૨ | ૯ | | ૧ | ૩ | | | ૭ |
| | ૭ | | ૯ | ૪ | | | ૬ | ૧ |
| | ૬ | | ૮ | ૨ | | ૯ | | ૩ |
| ૭ | | | ૨ | | ૬ | ૮ | ૩ | |
| ૪ | ૩ | ૫ | | ૮ | | | | ૨ |
| ૨ | | | | | | ૭ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## શબ્દગુંફન - ૭૨૩૨

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. ભમરો, આશક (૪)
૪. ઘોડી (૩)
૬. પૃથ્વીને વીંટળાઈ રહેલું વાયુનું આવરણ (૫)
૮. હેરાનગતિ (૪)
૧૦. વાનર (૨)
૧૨. જૈન સાધુ (૨)
૧૩. નવલું, આશ્ચર્યકારક (૩)
૧૪. પાણીનો ઘાટ (૪)
૧૬. રોજગાર (૨)
૧૭. સહાય (૩)
૧૯. ઊંડું, ગાઢ (૩)
૨૦. ઉંમર, આયુષ્ય (૪)
૨૨. કોઈક વાર, ક્યારેક (૨)
૨૩. કાગળના ટુકડા (૪)
૨૫. પશુ-પંખીમાં સ્ત્રી જાત (૨)
૨૬. કૂદકો, તાલાવેલી (૩)
૨૭. સૂર્ય (૨)
૩૦. ક્ષણ, ઘડી (૨)
૩૨. કૃપા (૨)

**ઊભી ચાવી**

૧. મીઠું ગળ્યું (૨)
૨. દેવું, ઋણ (૩)
૩. ભૂલ (૨)
૪. પતિ (૨)
૫. સિંહની ગર્જના (૩)
૬. વાચા, બોલી (૨)
૭. વેચાણ ઉપરનું વળતર (૩)
૮. વર, ધણી (૨)
૯. ભાર, દબાણ (૩)
૧૧. આસમાની, નીલું (૩)
૧૨. અનાથ બાળક (૩)
૧૩. દોરડાં પર નાચનાર (૨)
૧૪. દરજ્જો, ઉપાધિ (૨)
૧૫. સંતોષ (૩)
૧૬. તેજવાળું, આભાવાળું (૫)
૧૮. શાહીનો ખડિયો (૩)
૧૯. લડાઈનું હથિયાર (૨)
૨૦. આજ્ઞા, મનાઈ (૨)
૨૧. પાસા ફેંકીને જોવાની ભવિષ્ય વિદ્યા (૩)
૨૩. પ્યાલો (૨)
૨૪. એક વજન (૩)
૨૫. કિનારો (૨)
૨૭. ઉપાધિ (૨)
૨૮. વિષ, ઝેર (૨)



## આજનું પંચાંગ

**તા. 02/07/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : નિજ જેઠ
**તિથિ:** વદ: બીજ : 09:39 પછી ત્રીજ
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક** : અષાઢ: 11
**યોગ** : વૈધૃતિ **કરણ:** વણિજ
**નક્ષત્ર** : ઊ.ષા.: 09:28 પછી શ્રવણ,
**રાશિ** : મકર (ખ.જ.)
**દિવસ** : અશુભ
**સુરતમાં સૂર્યોદય** : 06:02 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:23
**નવકારસી** : 06:50
**પારસી વર્ષ** : 1395 બહમન માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 મોહરમ માસનો 16મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુકાળ:** બપોરે:- 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઉઘરાણીની ચિંતા હળવી થઇ શકે છે. તમારો સૌમ્ય વ્યવહાર તમને નવી તક આપશે.

**વૃષભ (બ,વ,ઉ,):** પરીક્ષા કે ઇન્ટરવ્યુમાં સફળતા મળે. આવકનાં સાધનો વધે. તમારા વિચારો વ્યક્ત કરવાની તક મળે.

**મિથુન (ક,છ,ઘ,):** અજ્ઞાત ભય સતાવે. કામમાં અવરોધ આવે. મિત્રો-સંતાનો સાથે મનોરંજન થાય. જીવનસાથીનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** તમારી બુદ્ધિપ્રતિભા અને વ્યવહારથી પ્રભાવ વધશે. સ્વાર્થી મિત્રો અને લોકોથી નુકસાન થઇ શકે.

**સિંહ (મ,ટ,):** નોકરી-ધંધામાં હરીફોની હેરાનગતિ વધશે. અચાનક તમારા કામની કદર થાય. સમાજમાં પ્રગતિ

**કન્યા (પ,ઠ,ણ,):** પિતાની ચિંતા સતાવે. પિતાના ધંધામાં વડીલોની મદદ મળે. નવા રોકાણની યોજનામાં મદદ મળે.

**તુલા (ર,ત,):** સરકારી કાગજ, દસ્તાવેજ વગેરે બાબતે સાવધાની રાખવી સખત દોડધામ રહે. બાળકો સાથે મનોરંજન થાય.

**વૃશ્ચિક (ન,ય,):** નવા ધંધા વેપારની શરૂઆત થઇ શકે છે. સમાજ જીવનમાં યશ મળે. મિત્રો તરફથી સહકાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** રોજના કામમાં રાહત રહે. ઘરમાં તાલમેળ રહે. નોકરીમાં નવી તક મળે. મોજ શોખના ખર્ચા વધે.

**મકર (ખ,જ,):** નવા તેજસ્વી હકારાત્મક વિચારોથી નવી તક ઊભી થાય. મિત્રો વગેરેનો સાથ મળશે. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** માતાપિતાના આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. દાંપત્યમાં તાલમેળ ઓછો રહે. બહાર જવાનું બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** બૌદ્ધિ અને કાયદાના નિષ્ણાતોની સલાહ મળે. તમારા કામની કદરથી આર્થિક પ્રગતિ થાય.

## કોઈ પણ સાલમાં 02 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી - ધંધામાં ચડતી પડતી. નવી જવાબદારી, આધુનિક ટેકનોલોજી વગેરેથી બોજ વધે. અને નવુ શિખવા પણ મળે. સમાજમાં સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં હરીફોની હેરાનગતિ વધશે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે સામાન્ય રહેશે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં કોઈની વાતોમાં આવવું નહીં અને સહી-સિક્કામાં સાવધાની રાખવી. વિદેશનાં કામ ધીમાં પડશે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વિલંબ થાય. ઉંમરલાયકના વિવાહ થાય, પ્રેમ વિવાહમાં ધીરજ રાખવી, નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્ય વર્ષમાં અનુકૂળતા થાય. સંતાનોના અભ્યાસ, કેરીયર અને ઉચ્ચ શિક્ષણ તથા વિદેશ શિક્ષણ બાબતે મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. વડીલો મિત્રોની મદદ મળતી રહેશે. જૂન-જુલાઈ, સોમ,ગુરુવાર 2,11,20, 29 તારીખે નવા કામ કરતાં રહેવું સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી ફેબ્રુઆરી, મંગળ બુધવાર, 05, 08 તારીખે નવા કામ ટાળવાં. કાળો લીલો ભૂરો રંગ ઓછો વાપરવો. ચંદ્ર દેવના ઉપાય કરતા રહેવું

## અનુસંધાન... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

ભારતના જી20 શેરપા તરીકે સેવા આપી ચૂક્યા છે. વર્તમાન નાણામંત્રી નિર્મલા સીતારમણને બદલવા પાછળની વિચારસરણી એવી જણાય છે કે, દેશની વર્તમાન આર્થિક નીતિ કેટલાક નવા પડકારોનો સામનો કરી રહી છે. મધ્ય-પૂર્વ સંકટ અને વધતી મોંઘવારી જેવા મુદ્દાઓ આગામી સાત રાજ્યોની ચૂંટણીઓ પર અસર કરી શકે છે. તેથી, ભલે માત્ર દેખાવ માટે જ કેમ ન હોય, સરકારને લાગે છે કે તેના આર્થિક નેતૃત્વનો ચહેરો બદલવાની જરૂર છે.

**ઉત્તર પ્રદેશ-પંજાબમાં વહેલી ચૂંટણીની શક્યતા**

શું ઉત્તર પ્રદેશ અને પંજાબ વિધાનસભાની આગામી વર્ષે યોજાનારી ચૂંટણીઓ સમય પહેલા થઈ જશે? બંગાળમાં ક્લીન સ્વીપ કર્યા પછી અને કુમારી મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસનો સફાયો કર્યા પછી ભાજપ ઉત્સાહમાં છે. પક્ષના નેતાઓનો એક વર્ગ માને છે કે ઓછામાં ઓછી ઉત્તર પ્રદેશ અને પંજાબની વિધાનસભા ચૂંટણીઓ સમયપત્રક કરતાં વહેલી યોજવી જોઈએ. આ જૂથ આ વર્ષના નવેમ્બર મહિનામાં ચૂંટણી યોજવાનું સૂચન કરી રહ્યું છે. સામાન્ય રીતે, ઉત્તર પ્રદેશની ૪૦૩ વિધાનસભા બેઠકોની ચૂંટણી ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૭માં થવાની છે, અને પંજાબની ૧૧૭ બેઠકોની ચૂંટણી પણ ફેબ્રુઆરી ૨૦૨૭માં થવાની છે. હાલમાં યુપીમાં પંચાયત ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ગ્રામ પ્રધાનના પદોની મુદત ગત ૨૬ મેના રોજ પૂરી થઈ ગઈ છે અને તેમના સ્થાને પ્રશાસકોની નિમણૂક કરવામાં આવી છે. મતદાર યાદીની વાત કરીએ તો, સુધારણા પ્રક્રિયા દરમિયાન લગભગ ૨ કરોડ નામો પહેલેથી જ કાઢી નાખવામાં આવ્યા છે. ભાજપે તેના રાજ્ય એકમને ચૂંટણી માટે કમર કસી લેવા કહી દીધું છે. નવા પ્રદેશ પ્રમુખ પંકજ ચૌધરીની નિમણૂક પણ આ બાબતને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવી છે. સુનિલ બંસલ પણ પડદા પાછળ શાંતિથી સક્રિય છે.

**જયંત ચૌધરીની રાજકીય સોદાબાજી**

રાષ્ટ્રીય જનતા દળ (આરએલડી) ના નેતા અને કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરી, જેઓ પૂર્વ વડા પ્રધાન અને તેમના દાદા ચૌધરી ચરણ સિંહના વારસા પર પોતાનું રાજકીય ઓળખ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેઓ નરમ સ્વભાવના નેતા માનવામાં આવે છે. જ્યારથી તેમણે ભાજપ સાથે જોડાણ કર્યું છે, ત્યારથી તેમની સોદાબાજી કરવાની ક્ષમતા ઘણી અંશે સીમિત થઈ ગઈ છે. જોકે, તેઓ મોદી સરકારમાં સ્વતંત્ર પ્રભાર ધરાવતા રાજ્ય મંત્રી છે, તેમ છતાં તેમનું મંત્રાલય સતત ફંડની અછતની ફરિયાદ કરતું રહે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે તેમને માત્ર બે બેઠકો આપીને જ સંતોષ માનવા મજબૂર કર્યા હતા. તાજેતરમાં જ, જયંત ચૌધરીએ આગામી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે બેઠકોની વહેંચણી અંગે ચર્ચા કરવા કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ સાથે મુલાકાત કરી હતી. ત્યાર બાદ ગોયલે ગૃહમંત્રી અમિત શાહ સાથે ચૌધરીની બેઠક ગોઠવી આપી હતી.

### ભારત અને પાકિસ્તાનના...

કરાઈ છે. પત્રમાં પવિત્ર શારદા પીઠ અને કરતારપુર સાહિબ કોરિડોર શ્રદ્ધાળુઓ માટે ખોલવાની તથા વિદ્યાર્થીઓ, પત્રકારો અને કલાકારો વચ્ચે આદાનપ્રદાન વધારવાની હિમાયત કરવામાં આવી છે. પત્રના અંતે જણાવાયું છે કે આ અપીલ કોઈ રાજકીય વલણનું સમર્થન નથી, પરંતુ આશરે 2 અબજ લોકોના કલ્યાણ અને ભવિષ્ય માટેનો એક પ્રયાસ છે.

### મુંબઈના વરસાદ...

ચૂક્યું છે. શરૂઆતના ટ્રેડિંગ વોલ્યુમે સાબિત કર્યું છે કે આગામી દિવસોમાં ભારતમાં અન્ય શહેરોના વરસાદ કે તાપમાન આધારિત 'વેધર ડેરિવેટિવ્ઝ' (Weather Derivatives) પણ લોન્ચ થઈ શકે છે.

### GST કલેક્શન...

વધુ રહ્યું છે.

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન) કુલ જીએસટી કલેક્શન 8.4 ટકાના વધારા સાથે આશરે 6.32 લાખ કરોડ રૂપિયા રહ્યું છે.

નિષ્ણાતોના મતે, પશ્ચિમ એશિયાના તણાવને કારણે આર્થિક અવરોધો હોવા છતાં જીએસટી કલેક્શન 2 લાખ કરોડ રૂપિયાની નજીક પહોંચવું એ દેશની આર્થિક મજબૂતી દર્શાવે છે. હવે દર મહિને 2 લાખ કરોડ રૂપિયાનું કલેક્શન એક નવો સામાન્ય આંકડો બની જાય તેવી પ્રબળ શક્યતા છે. વધુમાં, ટેક્સ રિફંડની ઝડપી પ્રક્રિયાને કારણે ઉદ્યોગો માટે વર્કિંગ કેપિટલની સમસ્યા પણ દૂર થઈ રહી છે.

### દેશના અનેક રાજ્યોમાં...

જુલાઈ સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

બીજી બાજુ ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાની ઘટનામાં બે લોકોનાં મોત થયાં છે અને ચાર બાળકો સહિત અન્ય આઠ લોકો દાઝી જવાથી ઇજાગ્રસ્ત થયા છે.

મહારાષ્ટ્રના મુંબઈ, થાણે અને પાલઘર જિલ્લામાં પણ ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. પાલઘરમાં રેડ એલર્ટને પગલે ગુરુવારે શાળા-કોલેજોમાં રજા જાહેર કરાઈ છે, જ્યારે મુંબઈ માટે ઓરેન્જ એલર્ટ અપાયું છે. નવી મુંબઈમાં પાણી ભરાયેલા રસ્તા પર લાઈવ વાયરથી બે છોકરીઓને કરંટ લાગ્યો હતો, જેઓ આબાદ બચી ગઈ હતી. થાણેમાં પૂરના પાણી ઘરોમાં ઘૂસી જતાં એક 70 વર્ષનાં વૃદ્ધ મહિલા કલાકો સુધી ઘરમાં ફસાયેલા રહ્યા હતા, જેમને ફાયર બ્રિગેડના જવાનોએ સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

જમ્મુ-કાશ્મીરમાં ખરાબ હવામાનને કારણે મચૈલ માતા અને મિંઘલ માતાની યાત્રા સ્થગિત કરવામાં આવી છે.

પૂર પ્રભાવિત અરુણાચલ પ્રદેશમાં છેલ્લા સાત દિવસમાં 4 લોકોનાં મોત થયા છે અને કેન્દ્ર સરકારે મદદની ખાતરી આપી છે. બીજી તરફ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરાખંડમાં વરસાદને કારણે લોકોને કાળઝાળ ગરમીથી મોટી રાહત મળી છે અને આગામી બે દિવસમાં દિલ્હીમાં પણ ચોમાસું પ્રવેશ કરે તેવી શક્યતા છે.